ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬

સરથાણા નેચર પાર્કમાં તમે ગયા જ હશો અને ત્યાં તમે રામને, ક્રિષ્નાને, શિવાને, મોહનને મળ્યા જ હશો. અરે તમે તો વિચારમાં પડી ગયા ને કે અમે નેચર પાર્કમાં ઉપરોક્ત નામવાળાઓ ને ક્યારે મળ્યા? તો જાણો અહીં જે એનિમલ્સ છે તેમના આ નામો છે. જેમ બાળક જન્મે ત્યારે તેનું નામકરણ થાય તેમ નેચર પાર્કમાં જન્મ લેતા એનિમલ્સના નામો પાડવામાં આવે છે. હવે એક સવાલ તમને એ પણ થશે કે, સિંહ હોય કે વાઘ કે જળબિલાડી એમના બધાના ફેસ એકસરખા જ હોય તો કોણ રામ કે કોણ ક્રિષ્ના કઈ રીતે ઓળખવામાં આવે છે? જે એનિમલ્સના નામ પાડવામાં આવ્યા હોય તેમને નામથી બોલાવવામાં આવે તો શું તેઓ રીએક્ટ કરે છે ખરા! અહીં પક્ષીઓના નામ નથી પાડવામાં આવતા પણ એનિમલ્સના નામ રાખવામાં આવે છે. આ એનિમલ્સના નામ પાડવાનો પણ કોઈ ક્રાઇટેરિયા છે, કઈ રીતે એનિમલ્સના નામ પાડવામાં આવે છે? ચાલો, તેના વિશે અલકમલકની વાતો જાણીએ.

# ચાલો નેચરપાર્કમાં રામ, ક્રિષ્ના, રાજાને મળીએ, જીની તો તમને જોઈ કરશે મસ્તી



### જીનીને નામથી બોલાવો તો મસ્તી કરે અને પાણીમાં ગુલાંટ મારે

આ નેચર પાર્કમાં જીની નામની જળબિલાડી છે, તે ઘણી ફ્રેન્ડલી છે. તેને જીની કહીને બોલાવો એટલે રિસ્પોન્સ આપે, બોલાવનારના ફેસ સામે જુવે. નેચર પાર્કના કર્મીને આવતા જોઈને તે ગેલમાં આવી જાય અને પાણીમાં ગુલાંટ મારી પોતાની ખુશી વ્યક્ત કરે અને મસ્તી કરે. જળબિલાડીઓ આખો દિવસ પાણીમાં નહીં રહે. જ્યારે ખાવું હોય, રમવું હોય ત્યારે પાણીમાં આવે, બાકી તે જમીનમાં બરો (ખોલ) બનાવી તેમાં રહે.



### માતા-પિતાના નામના કોમ્બિનેશનથી બચ્ચાનું નામ 'રામ' રાખ્યું

આ નેચર પાર્કમાં સાત સ્લોથ રીંછ છે. તેમાં મંગરા (ફાધર) અને રિદ્ધિ (મધર) નામના રીંછના બચ્ચાનું નામ માતા-પિતાના નામનું એક એક અક્ષરનું કોમ્બિનેશન કરી 'રામ' રાખવામાં આવ્યું.



### ક્યા એનિમલ્સ રીએક્ટ કરે છે?

સફેદ વાઘ ગૌરવ અને ગરિમા, વાઘ ક્રિષ્ના, સિંહ આર્ય આ એનિમલ્સ રીએક્ટ કરે છે. તેઓને નામથી બોલાવવામાં આવે તો તેઓ આંખો ઊંચી કરી બોલાવનારની સામે જુવે છે. તેનું એક કારણ એ હોઈ શકે કે તેઓ નેચરપાર્કના કર્મીઓના અવાજને પારખવા લાગ્યાં હોય એટલે પણ રીએક્ટ કરતા હોય.



### નેચર પાર્કમાં ક્રિષ્ના છે, તો રામ, કર્ણ, અને રાજા પણ છે

નેચર પાર્કમાં જે એનિમલ્સ છે તેમાં તમને ક્રિષ્ના નામનો વાઘ, રામ નામનું રીંછ, કર્ણ અને તાપ્તી નામની જળબિલાડીઓ અને રાજા નામનું ભાલુ પણ જોવા મળશે. હવે આમના નામ કઈ રીતે પાડવામાં આવે છે, તેઓ પ્રશ્ન તમને થતો જ હશે? તો તમને જણાવીએ કે અહીં આ નેચર પાર્કમાં જન્મેલા એનિમલ્સના નામ નેચર પાર્કના કર્મીઓ જ રાખે છે. આજકાલ લોકોને ધાર્મિક નામમાં વધુ ઈન્ટરેસ્ટ પડે છે. ભગવાનના નામ પરથી બાળકોના નામ પાડવાનો ટ્રેન્ડ છે. અહીં નેચર પાર્કના કર્મી પણ પુસ્તકો વાંચે અને તેના પરથી એનિમલ્સના નામકરણ કરે છે. જો કોઈ એનિમલ અન્ય શહેરના ઝૂમાંથી લાવવામાં આવે ત્યારે તેમના નામ પહેલાથી જ તે ઝૂ દ્વારા પાડવામાં આવેલા હોય છે. વાઘ ક્રિષ્નાને મેંગ્લોરથી લાવવામાં આવેલો તો ત્યાં જ તેનું નામ ક્રિષ્ના રાખવામાં આવ્યું હતું.





### સફેદ વાઘ ગૌરવ અને ગરીમાનું નામ જાણવાનું લોકોમાં કુતૂહલ

રાજકોટથી સફેદ વાઘની જોડી સુરતના નેચર પાર્કમાં લાવવામાં આવી છે. તેમના નામ રાજકોટ ઝૂ દ્વારા જ ગૌરવ અને ગરિમા પાડવામાં આવ્યા છે. જ્યારે નેચર પાર્કમાં મુલાકાતીઓ આવે ત્યારે તેમને સફેદ વાઘની આ જોડીને જોવામાં વધારે ઈન્ટરેસ્ટ પડે છે, એટલે લોકોને તેમના નામ જાણવામાં પણ ઈન્ટરેસ્ટ પડે છે. તેઓ ઝૂના કર્મીઓ પાસેથી તેમના નામ જાણવામાં રુચિ દાખવે છે.



### જગ્યાના નામ પરથી રાખ્યું દીપડા અને વરુ યુગલનું નામ

એનિમલ્સ જ્યાંથી લાવવામાં આવ્યા હોય તે પ્લેસ રિલેટેડ નામ પણ એનિમલ્સને આપવામાં આવે છે. મેલ ફિમેલ વરૂની જોડી જયપુરથી અહીં લાવવામાં આવી એટલે જયપુરનું નામ આવી જાય તે રીતે નર વરુનું નામ જય અને માદા વરુનું નામ પરી રાખવામાં આવ્યું. માંડવીમાંથી લાવેલા દીપડાનું નામ માંડલ રાખવામાં આવ્યું.



### 32માંથી 22 જળબિલાડીઓનું નામકરણ થયું છે...

સરથાણા નેચર પાર્કના હીનાબેન પટેલે જણાવ્યું કે, આ નેચર પાર્ક જળબિલાડીઓના સંવર્ધન અને ઉછેર માટે જાણીતું છે. અહીં જન્મેલી જળબિલાડીઓને દેશભરના નેચરપાર્કમાં મોકલવામાં આવે છે. અત્યારે અહીં 32 જળબિલાડી છે તેમાંથી 22 જળબિલાડીઓનું નામકરણ થયું છે. આ જળબિલાડીઓમાં તાપ્તી પણ છે અને કર્ણ, શૌર્ય તથા ઈલા નામની જળબિલાડી પણ છે. 22 ઓટરના નામ નેચર પાર્ક દ્વારા જ પાડવામાં આવ્યા છે. તમને પ્રશ્ન થતો જ હશે કે તેમના ફેસ એકસરખા જ દેખાતા હોય છે તો તેમની ઓળખ કઈ રીતે થતી હશે? નેચર પાર્કના કર્મીઓને પણ બધાના ચહેરા એકસરખા જ દેખાય છે આવી સ્થિતિમાં અહીંના કર્મીઓ આ જળચર પ્રાણીને તેઓની બોડી લેંગ્વેજ પરથી ઓળખે છે. વળી, એક નર એક માદા એ રીતે તેમના માટે અલગ અલગ વ્યવસ્થા હોય તેમાં તેમના નાના મોટા કદ પરથી તેમની ઓળખ કરાય છે.

---

# મીની હોળી કેન્ડલ, ચોકલેટ હારથી ટ્રેન્ડી બનશે રંગોત્સવ

બુરા ના માનો હોલી હૈ...બસ આ ગીતને સાંભળવા આપણે હવે ત્રણ-ચાર દિવસની રાહ જોવાની છે. પહેલા તો આપણે સોસાયટીના કે શેરીના નાકે હોલિકા દહન કરી શકતા પણ અત્યારે સુરતમાં એવું અવનવું આવ્યું છે કે તમે ઘરે પણ હોલિકા દહન કરી શકશો. તમને યાદ છે ને હોળી પર બાળકોને સાકરવાળો હરડો ગળામાં પહેરાવાતો, હવે તો તે ગણીગાંઠી જગ્યાઓ પર જ વેચાતો જોવા મળે છે હવે તેની યાદ અપાવે તેવું આધુનિક બાળકોને ભાવી જાય તેવું ચોકલેટી ફ્લેવરનું કાંઈક નવું બજારમાં જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત હોળી પર પણ હવે મિત્રો અને રિલેટિવ્ઝને કલરફુલ ગીફ્ટ આપવાનો ટ્રેન્ડ છે. તો નવા વર્ષમાં હોળીના કલરફુલ ડેકોરેશન તથા ઉપહારમાં શું ટ્રેન્ડિંગ છે, ચાલો તેના વિશે જાણીને આપણે અત્યારે જ કલરફુલ થઈ જઈએ...



### લાલ, પીળા કલરની પોટલીઓથી ભરેલી ટોકરી, કલરફુલ લેન્ટર્ન્સ, કલરફુલ ડ્રીમ કેચર

હવે કલરફુલ હોલીને ટ્રેન્ડિંગ બનાવવા બજારમાં અવનવા ગીફ્ટ હેમ્પર્સ, ઘરને ડેકોરેટિવ લુક આપવા ફ્લોરલ રંગોળી જોવા મળી રહી છે. સુરતીઓ આ હોળી પર અલગ અલગ ગુલાલ અને કલર્સના પેકેટને સ્થાને અલગ અલગ કલર અને ગુલાલની પોટલીઓથી સજાવેલી બાસ્કેટની ડિમાન્ડ કરી રહ્યા છે. આકર્ષક કલરોથી ડેકોરેટેડ બાસ્કેટમાં લાલ, પીળાં કલરની નાની નાની પોટલીઓ મોંઘેરા મહેમાનને અને સ્પેશ્યલ લોકોને ગીફ્ટ કરી રહ્યા છે. કલરફુલ કાગળનો યુઝ કરીને બનાવેલા લેન્ટર્ન્સથી હોળીની રોશની ઘરમાં ફેલાવવામાં આવી રહી છે. કલરફુલ ડ્રિમ કેચર, ફ્લોરલ રંગોળી, વોટરકલર વોલ આર્ટ, કલરફુલ ટેરાકોટા પોટ્સ પણ લોકો પસંદ કરી રહ્યાં છે.



### કલરફુલ હોલી બકેટ ગીફ્ટ ફેસ પર લાવશે ગુલાલભર્યું સ્મિત

ઘરે હોલી સેલિબ્રેશન માટે આવતા રિલેટિવ્ઝ, મિત્રોને હોલી સ્પેશ્યલ કલરફુલ બકેટ ગિફટમાં આપવાનો ટ્રેન્ડ છે. આ કલરફુલ બકેટમાં હર્બલ કલર, ચોકલેટ્સ, ઠંડાઈ, પિચકારી આકર્ષક રીતે પેક કરીને મુકવામાં આવેલી હોય છે. તેને કલરફુલ ફ્લાવર્સ પોમ-પોમથી સુંદર રીતે સજાવવામાં આવેલી હોય છે.





### બાળકો માટે હોલી સ્પેશ્યલ ચોકલેટના હાર છે અટ્રેકટિવ

હોળી પર્વ પર બાળકોને હારડાનો હાર ગળામાં પહેરાવાય છે. બાળકને મન થાય ત્યારે આ હારમાંથી સાકરનો હરડો કાઢી ખાય. હવે આ વખતે બાળકો માટે હોલી સ્પેશ્યલ ચોકલેટના હાર બજારમાં આવ્યા છે. અલગ અલગ ચોકલેટને માળામાં પરોવી આવા હાર બનાવવામાં આવે છે. તેને વધારે આકર્ષક બનાવવા તેમાં વચ્ચે વચ્ચે આર્ટિફિશ્યલ ફૂલો અને પોમ-પોમ સજાવવામાં આવ્યા છે.



### ઘરના લિવિંગ રૂમને આ કલરફુલ હોલી કાર્ટ આપશે ડેકોરેટિવ લુક

હવે તો રંગોના તહેવાર હોળી-ધૂળેટી પર ઘરને ડેકોરેટિવ લુક આપવાનો ટ્રેન્ડ પણ છે. ઘરે ગેસ્ટ આવે કે ઘરે હોળી સેલિબ્રેશન પાર્ટીનું આયોજન થયું હોય ત્યારે હોળીના અલગ અલગ કલર, પિચકારી ભરેલા કલરફુલ કાર્ટથી ટેબલની સજાવટ કરવામાં આવે છે. આ કાર્ટમાં હલ્દી, ફૂલો અને જડીબુટ્ટીઓથી બનાવેલા રંગ હોય, ડ્રાયફ્રૂટ્સ, પૌષ્ટિક નાસ્તા, સ્વાદિષ્ટ ગુજીયા પણ હોય છે. ડેકોરેટિવ આઈટમ હોવા ઉપરાંત પર્સનલાઈઝડ ગીફ્ટ તરીકે ગેસ્ટ કે ફ્રેન્ડ્સને આપવાનો ટ્રેન્ડ પણ સુરતીઓમાં જોવા મળી રહ્યો છે.





### મીની હોલિકા દહન કેન્ડલ છે સ્ટાઈલિશ ફેલાવે છે સુગંધ

મીની હોલિકા દહન કેંડલ્સ અત્યારે ટ્રેન્ડિંગ છે. કેટલાંક સુરતીઓ આ વખતે ઘરમાં પણ હોલિકા દહન કરતા જોવા મળશે. તેમના માટે હોલી સ્પેશ્યલ કેંડલ્સ બજારમાં આવી છે. માટીના દિવડામાં મીણબત્તીઓ, એકદમ નાનકડા ગોબરના છાણા, નાની નાની લાકડીઓથી હોલિકા દહનનું મોડલ બનાવવામાં આવેલું છે. તેની આજુબાજુ ફૂલ અને ગુલાલનો છંટકાવ કરવામાં આવે. નાની નાની રંગીન પતંગ બાંધવામાં આવેલી કેન્ડલ્સ ખૂબ સ્ટાઈલિશ દેખાવા ઉપરાંત સુગંધ પણ ફેલાવે છે. તેને ગીફ્ટીંગ તથા ડેકોરેશન માટે ડીમાંડમાં છે.


---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

## ઉખડી જાય ચામડી પણ ના જાય રંગ, ખેલીએ છીએ અમે તેવો 'હોળી-ધૂળેટી'નો જંગ...





હતો જે અબીલ-ગુલાલ ઉડાડવાનો પ્રસંગ, પણ નથી રહ્યો હવે તેવો કલરોનો સંગ... લગાડાય છે એવા રસાયણિક કલરનું મિશ્રણ, કાઢવા જતાં આખું શરીર બની જાય છે સમરાંગણ... નથી રહી હવે ધૂળેટી નિર્દોષ, નવા જમાનાનો છે હવે આ દોષ... યુવાનો કાદવમાં પણ રગડે છે એકબીજાને, રંગવામાં નથી જોતાં પુરુષ કે મહિલાને... ક્યાંક તો વપરાય છે ગોબર, ધૂળેટી નથી રહી હવે પ્રસંગ સોબર...